# જાહેર હરાજીનું જાહેરનામું (SALE PROCLAMATION)

**જામનગરના નામદાર દિવાની અદાલતના ન્યાયાધીશ (કુ. કે. એમ. ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં**

રેગ્યુલર દરખાસ્ત નં. ૪૫/૨૦૧૭ તથા ૪૬/૨૦૧૭

**ધી જામનગર મહીલા સહકારી બેંક લી.** ..............વાદી

વિરૂધ્ધ

**(૧) અશ્વીન હેમતલાલ ચૌહાણ**
**(૨) કુલદીપ અશ્વીનભાઈ ચૌહાણ તથા**
**(૩) જેઠીબેન હેમતલાલ ચૌહાણ** ..............પ્રતિવાદીઓ

## વિષયઃ હરાજી જાહેરનામું

ઉપરોકત વાદી દ્વારા તેઓની તરફેણમાં રહેલ હુકમનામાની બજવણી અંગેની હાલની દરખાસ્ત દાખલ કરવામાં આવેલ છે, જેમાં ઉપરોકત દરખાસ્તના કામે પ્રતિવાદીઓની નીચે મુજબની મિલ્કત નામદાર કોર્ટ દ્વારા જપ્તી (સાંકેતીક) લેવામાં આવેલ છે, ઉપરોકત વાદીની પ્રતિવાદી પાસેથી હુકમનામા મુજબની લેણી નીકળતી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીની કુલ રકમ રૂા. ૧૬,૦૯,૨૫૭/– તથા ત્યારબાદના વ્યાજ તથા ખર્ચની રકમ વસુલ કરવા માટે નીચે મુજબની મિલ્કતનું જાહેર હરાજી મારફત વેચાણ કરવામાં આવશે.

## મિલ્કતની વિગતઃ

ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, શહેર જામનગરમાં, મહાનગરપાલિકાની હદમાં, કરસન પુંજાના ચોક નજીક, ખેત્રી ફળીમાં આવેલ મુખ્ય ભાગ–"ઈ" ના શીટ નાં.૮નાં સરવે નં.૬૭–૬૮–૭૦ તથા ૫૧ પૈકીની સર્વે નં.૬૮/બી વાળી રહેણાંકના બોંધકામ સહિતની જગ્યા, જેનું ક્ષેત્રફળ ચો. મી. ૩૯.૮૯ જેના ચો. ફુટ ૪૨૯ થાય છે, તે જગ્યામાં ગ્રાઉન્ડ ફલોર પર એક નાની રૂમ માથે દેશી નળીયાના બાંધકામનો સમાવેશ થાય છે, તે બાંધકામ સહીતની જગ્યા જેની હદદીશા નીચે મુજબ છે.

ઉતરેઃ– સરવે નં.૫૯/ઈ/૮ પૈકીની નીર્મળાબેન ભીમજીની જગ્યા આવેલ છે.
દક્ષિણેઃ– સરવે નં. ૬૮/ઈ/૮ પૈકીની ફુલવંતી બાબુભાઈ ભટ્ટીની જગ્યા આવેલ છે.
પુર્વેઃ– સરવે નં. ૬૬/બી/૮ વાળી જગ્યા આવેલ છે.
પશ્ચિમેઃ– સરવે નં.૭૦/ઈ/૮ પૈકીની ૬ ફુટ પહોળાઈની મજમુ ચાલ આવેલ છે.

એન્કમ્બ્રન્સ (જો હોય તો) :– ધ્યાનમાં નથી.

વાદી દ્વારા દર્શાવવામાં આવેલ કિંમતઃ– રૂા.૮,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ પચ્ચીસ હજાર પુરા)

વાદી દ્વારા દર્શાવવામાં આવેલ કિંમતઃ– પ્રતિવાદી હાજર રહેલ નથી.

જાહેર હરાજીનું સ્થળ અને સમય :– તા.૧૫/૧૨/૨૦૨૫, સમયઃ– બપોરે ૧૨ઃ૦૦ કલાકે

ધી જામનગર મહીલા સહકારી બેંક લી., માણેક સેન્ટર, પી. એન. માર્ગ, જામનગર.

હરાજીના નિયમોઃ–

(૧) હરાજી ખુલ્લી જાહેર હરાજી તરીકે લેવામાં આવશે.
(૨) સર્વોચ્ય બોલી આપનારને અદાલતની મંજુરી હેઠળ હરાજીથી આપવામાં આવશે.
(૪) હરાજી સમયે ૨૫ % રકમ તરત જ જમા કરાવવાની રહેશે.
(૫) બાકીની ૭૫ % રકમ દિન–૩૦માં જમા કરાવવી ફરજીયાત રહેશે.
(૬) નકકી થયેલ સમયમર્યાદામાં રકમ જમા ન કરાય તો, જમા રકમ જપ્ત કરવામાં આવશે અને મિલ્કતની ફરી હરાજી કરવામાં આવશે.
(૭) હરાજીમાં મિલ્કત “As is where is” તથા “As is whatever there is” ધોરણે વેચાણ કરવામાં આવશે.

જાહેરનામું નિચે મુજબ પ્રકાશીત કરવામાં આવશે.

૧–અદાલતના નોટીસ બોર્ડ પર ચોંટાડવામાં આવશે.

૨–ઉપર મિલ્કત ઉપર ચોંટાડવામાં આવશે.

૩–વિસ્તારના જાહેર સ્થળોએ ઢોલ/ઢંઢેરા મારફત જાહેર કરવામાં આવશે.

૪–વર્તમાન પત્રોમાં હરાજીની નોટીસ મારફત.

જામનગર

તા.૧૯/૧૧/૨૦૨૫

નાઝીર
નામદાર દીવાની અદાલત, જામનગર

# મિલ્કત હરાજીની જાહેર નોટીસ

## જામનગરના નામદાર દિવાની અદાલતના ન્યાયાધીશ (કુ. કે. એમ. ભટ્ટ) સાહેબશ્રીની કોર્ટમાં

રેગ્યુલર દરખાસ્ત નં. ૪૫/૨૦૧૭ તથા ૪૬/૨૦૧૭

**ધી જામનગર મહીલા સહકારી બેંક લી.** ..............વાદી

વિરૂધ્ધ

**(૧) અશ્વીન હેમતલાલ ચૌહાણ**
**(૨) કુલદીપ અશ્વીનભાઈ ચૌહાણ તથા**
**(૩) જેઠીબેન હેમતલાલ ચૌહાણ** ..............પ્રતિવાદીઓ

આથી જાહેર જનતા તથા ઉપરોકત પ્રતિવાદીઓને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત દરખાસ્તના કામે પ્રતિવાદીઓની નીચે મુજબની સ્થાવર મિલ્કત નામદાર કોર્ટ દ્વારા જપ્તી (સાંકેતીક) લેવામાં આવેલ છે, ઉપરોકત વાદીની પ્રતિવાદી પાસેથી હુકમનામાઓ મુજબની લેણી નીકળતી તા.૨૦/૧૧/૨૦૨૫ સુધીની કુલ રકમ રૂા. ૧૬,૦૯,૨૫૭/– તથા ત્યારબાદના વ્યાજ તથા ખર્ચની રકમ વસુલ કરવા માટે નીચે મુજબની મિલ્કતનું સી.પી.સી. ઓર્ડર–૨૧, રૂલ–૬૬ મુજબ જાહેર હરાજી દ્વારા વેચાણ માટે મુકવામાં આવી રહેલ છે.

## મિલ્કતની વિગત:

ગુજરાત રાજયના, જામનગર જીલ્લાના, શહેર જામનગરમાં, મહાનગરપાલિકાની હદમાં, કરસન પુંજાના ચોક નજીક, ખેત્રી ફળીમાં આવેલ મુખ્ય ભાગ–''ઈ'' ના શીટ નાં.૮નાં સરવે નં.૬૭–૬૮–૭૦ તથા ૫૧ પૈકીની સર્વે નં.૬૮/બી વાળી રહેણાંકના બાંધકામ સહિતની જગ્યા, જેનું ક્ષેત્રફળ ચો. મી. ૩૯.૮૯ જેના ચો. ફુટ ૪૨૯ થાય છે, તે જગ્યામાં ગ્રાઉન્ડ ફલોર પર એક નાની રૂમ માથે દેશી નળીયાના બાંધકામનો સમાવેશ થાય છે, તે બાંધકામ સહીતની જગ્યા જેની હદદીશા નીચે મુજબ છે.

ઉતરેઃ– સરવે નં.૫૯/ઈ/૮ પૈકીની નીર્મળાબેન ભીમજીની જગ્યા આવેલ છે.
દક્ષિણેઃ– સરવે નં. ૬૮/ઈ/૮ પૈકીની ફુલવંતી બાબુભાઈ ભટ્ટીની જગ્યા આવેલ છે.
પુર્વેઃ– સરવે નં. ૬૬/બી/૮ વાળી જગ્યા આવેલ છે.
પશ્ચિમેઃ– સરવે નં.૭૦/ઈ/૮ પૈકીની ૬ ફુટ પહોળાઈની મજમુ ચાલ આવેલ છે.

જાહેર હરાજીની તારીખ અને સમયઃ– તા.૧૫/૧૨/૨૦૨૫, સમયઃ– બપોરે ૧૨ઃ૦૦ કલાકે

જાહેર હરાજીનું સ્થળઃ– ધી જામનગર મહીલા સહકારી બેંક લી., માણેક સેન્ટર, પી. એન. માર્ગ, જામનગર.

રિઝર્વ પ્રાઈસ/અપસેટ પ્રાઈસઃ– રૂા.૮,૨૫,૦૦૦/–

હરાજીમાં મિલ્કત “As is where is” તથા “As is whatever there is” ધોરણે વેચાણ કરવામાં આવશે, સર્વોચ્ચ બોલી આપનારને અદાલતની મંજુરી હેઠળ હરાજીથી આપવામાં આવશે, હરાજી સમયે ૨૫ % રકમ તરત જ જમા કરાવવાની રહેશે, બાકીની ૭૫ % રકમ દિન–૩૦માં જમા કરાવવી ફરજીયાત રહેશે, નકકી થયેલ સમયમર્યાદામાં રકમ જમા ન કરાય તો, જમા રકમ જપ્ત કરવામાં આવશે અને મિલ્કતની ફરી હરાજી કરવામાં આવશે તથા વેચાણની સંપૂર્ણ શરતો અને અન્ય દસ્તાવેજો અદાલતના કાર્યાલયમાં કામકાજના દિવસોમાં તપાસવા માટે ઉપલબ્ધ છે, ઉપરોકત મિલ્કત ખરીદવા માટે ઈચ્છુક બોલીદારોને જણાવવામાં આવે છે કે, તેઓ ઉપરોકત સમય અને તારીખે ઉપરોકત જણાવેલ સ્થળે હાજર રહેવા આથી જાહેર નોટીસ આપવામાં આવેલ છે.

જામનગર
તા. ૨૦/૧૧/૨૦૨૫

નામદાર કોર્ટના હુકમથી,

નાઝીર
નામદાર દીવાની અદાલત, જામનગર